# <u>વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.</u>

તા. ૧૯–૦૯–૦૮ ના રોજ એકાઉન્ટીંગ ઈન્કલુડીંગ કોસ્ટીંગ વિષયની અભ્યાસસમિતિની પેટાસમિતિની સભા મળી હતી, જેમાં એકાઉન્ટસીનાં વિવિધ પેપરોનાં અભ્યાસક્રમમાં રહેલ કેટલીક વિસંગતતા અંગે સ્પષ્ટતા કરવામાં આવી હતી અને તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૦૮–૦૯ થી કરવા એકાઉન્ટીંગ ઈન્કલુડીંગ કોસ્ટીંગ વિષયની અભ્યાસસમિતિને ભલામણ કરવામાં આવી હતી.

## ૧. નાણાંકીય હિસાબી પધ્ધતિ (Financial Accounting ) એફ.વાય.બી.કોમ.

અ. હપ્તા ખરીદ પધ્ધતિ અને ભાડે ખરીદ પધ્ધતિ (Higher Purchase & Installment Purchase ) માંથી માત્ર હપ્તા ખરીદ પધ્ધતિને કાઢી નાંખવું. ભાડે ખરીદ પધ્ધતિનાં હિસાબો તેમજ હપ્તા ખરીદ અને ભાડે ખરીદનાં પધ્ધતિ વચ્ચેનો તફાવત અભ્યાસક્રમમાં યથાવત રાખવો.

બ. શાખાનાં હિસાબો (Branch Account) માંથી માત્ર સ્વતંત્ર શાખા (Independent Branch) નો ભાગ કાઢી નાંખવો. પરંતુ સ્વતંત્ર શાખા અને પરતંત્ર શાખા વચ્ચેનો તફાવત તેમજ અન્ય બાબતો યથાવત રાખવી.

## ૨. નામા પધ્ધતિ અને કરવેરા (Accountancy & Taxation) એસ.વાય.બી.કોમ.

અ. રોકાણોનાં હિસાબોમાં ખરીદ વેચાણ પર દલાલી માત્ર બજાર કિંમત પર જ ગણવી.

બ. ધંધા વ્યવસાયનો નફો કે લાભ (Profit & Gain of Business & Profession) તેમજ અન્ય સાધનોની આવક (Income form Other Sources) અભ્યાસક્રમમાંથી કાઢી નાંખવું.

ક. નામા પધ્ધતિ અને કરવેરા વિભાગનું ભારાંક ૪૫% અને ૫૫% પ્રમાણે રાખવું.

## ૩. પડતરનાં હિસાબો (Cost Accounting) એસ.વાય.બી.કોમ.

અ. પ્રમાણ પડતર (Standard Costing) માં માત્ર નીચે દર્શાવેલ વિચલનોનો જ અભ્યાસક્રમમાં સમાવેશ કરવો.

<u>માલ–સામાન અંગેનાં વિચલનો :</u>

૧. માલસામાન ખર્ચ વિચલન
૨. માલસામાન ભાવ વિચલન
૩. માલસામાન વપરાશ વિચલન

<u>મજુરી અંગેનાં વિચલનો :</u>

૧. મજૂરી ખર્ચ વિચલન
૨. મજૂરી દર વિચલન
૩. મજૂરી કાર્યક્ષમતા વિચલન

## ૪. કંપનીલક્ષી હિસાબી પધ્ધતિ (Corporate Accounting) એસ.વાય.બી.કોમ.

અ. કંપનીનાં સંયોજન અને સમાવેશના હિસાબો Accounting Standard - 14 પ્રમાણે જ શીખવવા.

## ૫. સંચાલકીય હિસાબી પધ્ધતિ (Management Accounting) ટી.વાય.બી.કોમ.

અ. માત્ર ગુણોત્તર પરથી વાર્ષિક હિસાબો તૈયાર કરવાનો ભાગ અભ્યાસક્રમમાંથી દૂર કરવો. ગુણોત્તરને લગતી તે સિવાયની અન્ય બાબતો અભ્યાસક્રમમાં યથાવત્ રાખવી. તેમજ નીચે દર્શાવેલ ગુણોત્તરોની માત્ર ગણતરી અભ્યાસક્રમમાં દાખલ કરવી.

| | |
|---|---|
| કાચા નફાનો ગુણોત્તર | ચોખ્ખા નફાનો ગુણોત્તર |
| સંચાલન ગુણોત્તર | ખર્ચ ગુણોત્તર |
| રોકાયેલી મૂડી પર વળતરનો દર | માલીકી ભંડોળ પર વળતરનો દર |
| ઈ.શેર મૂડી પર વળતરનો દર | દેવા ઈકવીટી ગુણોત્તર |
| માલીકી ગુણોત્તર | મૂડી ગિયરિંગ ગુણોત્તર |

લાંબાગાળાનાં ભંડોળ અને કાયમી મિલકતનો ગુણોત્તર ( કાયમી મૂડી મિલકત ગુણોત્તર )
વ્યાજ આવરણ ગુણોત્તર

| | |
|---|---|
| ચાલુ ગુણોત્તર | પ્રવાહી ગુણોત્તર |
| સ્ટોક ચલન દર | દેવાદાર ગુણોત્તર |
| લેણદાર ગુણોત્તર | કુલ મિલકતનો ઉથલો |

## ૬. નાણાંકીય અને સંચાલકીય હિસાબી પધ્ધતિ પેપર – ૨ (M.Com. Part-I)

અ. કંપનીનાં વાર્ષિક હિસાબો પરિશિષ્ટ પ્રમાણે જ તૈયાર કરવા અને ફકત ઉભું પાકુ સરવૈયું બનાવવાના દાખલા જ પુછવા. આડુ પાકુ સરવૈયું બનાવવાનાં દાખલા પૂછવા નહિં.